RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 43* Date: 09.12.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### પ્રાઇવેટ બજારમાં વેક્સિનનો એક ડોઝ રૂ.૧૦૦૦માં મળશે: પૂનાવાલા

# સીરમ કંપની સરકારને કોરોના રસી ૨૫૦ રૂપિયામાં આપશે..!




### ટૂંક સમયમાં જ સરકારની સપ્લાઇ ડીલ પર સાઇન થશે, ઇમર્જન્સી યુઝની અપ્રૂવલ વિશે પણ ઝડપથી નિર્ણય લેવાશે

*ન્યુ દિલ્હી,તા.૮*

દુનિયાભરમાં હાહાકાર મચાવનારા કોરોના વાયરસની વેક્સીનને લઈને ભારતની જ દિગ્ગજ કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એ સારા સમાચાર આપ્યા છે. સિરમના જણાવ્યા પ્રમાણે તેની રસી સૌથી પહેલા ભારતને આપવામાં આવશે. તેવી જ રીતે તેના સપ્લાયને લઈને કોન્ટ્રાક્ટની પણ સરકાર સાથે વાતચીત ચાલી રહી છે. સિરમે તેની કોરોના વેક્સીનની કિંમત પણ જાહેર કરી દીધી છે જે સૌથી સસ્તી છે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા કેન્દ્ર સરકારની સાથે કોરોના વેક્સિન-કોવિશીલ્ડના સપ્લાઈ-કોન્ટ્રેક્ટ પર સાઈન કરવાની છે. કંપનીના જણાવ્યા પ્રમાણે તેઓ સરકારને એક ડોઝ રૂ. ૨૫૦માં આપશે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના આદર પુનાવાલાએ કહ્યું હતું કે, તેમની કંપની તરફથી ભારતમાં કોવિશીલ્ડ માટે ઈમર્જન્સી યુઝની મંજુરી માંગવામાં આવી છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ટૂંક સમયમાં જ આ વિશે કોઈ નિર્ણય લેવામાં આવશે. ઈમર્જન્સી યુઝની અપ્રૂવલની પ્રોસેસ પહેલાં જ ઝડપી બનાવી દેવામાં આવી છે. જો બધું બરાબર રહેશે તો જાન્યુઆરીથી દેશમાં વેક્સિનેશનનું કામ શરૂ થઈ જશે.

અદાર પૂનાવાલાએ પહેલાં જ કહ્યું હતું કે વેક્સિનનો એક ડોઝ ભારતના પ્રાઈવેટ બજારમાં રૂ. ૧,૦૦૦માં મળશે. જોકે સરકાર સાથે જથ્થાબંધ સપ્લાઇ ડીલમાં કિંમત થોડી ઓછી હશે. કંપની તરફથી પહેલેથી જ કહેવામાં આવ્યું હતું કે, સરકાર વેક્સિનની કિંમત ૩ ડોલર અથવા રૂ. ૨૨૫થી ૨૫૦ રાખશે.

પૂનાવાલાએ એવું પણ કહ્યું હતું કે, આ રસી સૌથી પહેલા ભારતમાં પુરી પાડવામાં આવશે. ભારતમાં પુરતા પ્રમાણમાં વેક્સીન અપાયા બાદ જ દુનિયાના અન્ય દેશોમાં તેની સપ્લાઈ પુરી પાડવામાં આવશે. કોવિશીલ્ડને ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકાએ સાથે મળીને તૈયાર કરી છે. ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટે જ તેની ફેઝ ૨/૩ની ટ્રાયલ્સ કરાવી છે.

સીરમ ઉપરાંત સ્વદેશી વેક્સિન કોવેક્સિન બનાવનાર હૈદરાબાદની કંપની ભારત બાયોટેકે પણ તેમની વેક્સિન માટે સરકાર પાસે ઈમર્જન્સી યુઝની મંજુરી માગી છે. આ વેક્સિનને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચઅને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી સાથે મળીને તૈયાર કરી છે. તેની કિંમત શું હશે એ વિશે હજી કોઈ નિર્ણય લેવાયો નથી. તેમ છતાં આ વેક્સિનના એક ડોઝની કિંમત રૂ. ૩૦૦-૪૦૦ હોવાની શક્યતા છે. આમ ભારતમાં જ ઘર આંગણે તૈયાર થનારી કોરોનાની વેક્સીન ખુબ જ સસ્તી હશે.

## ખેડૂત આંદોલન-કોરોનાના કારણે સોનિયા ગાંધી આજે જન્મદિવસ નહિ ઉજવે

*ન્યુ દિલ્હી,તા.૮*

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી આ વરસે પોતાનો જન્મદિવસ નહીં ઊજવે. એ માટે તેમણે ખેડૂતોના આંદોલનનું કારણ આગળ ધર્યું હતું. તેમણે કહ્યું કે દેશનો ખેડૂત આંદોલન કરતો હોય ત્યારે હું બર્થ ડેની ઊજવણી કરી ન શકું. કોંગ્રેસ પક્ષ સદૈવ ખેડૂતોની સાથે રહ્યો હતો.

કેન્દ્ર સરકારે ઘડેલા ત્રણ નવા કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. છેલ્લાં દસ બાર દિવસથી હજારો ખેડૂતો દિલ્હીમાં અડ્ડો જમાવીને બેઠાં છે. આજે તેમણે ભારત બંધની હાકલ કરી છે. જો કે સવારે ૧૧ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધીનો આ બંધ હોવાની જાહેરાત થઇ હતી પરંતુ આજે સવારથી મહારાષ્ટ્રમાં અને ઓરિસામાં કેટલેક સ્થળે જબરદસ્તીથી ટ્રેનો રોકવામાં આવી હતી.

સોનિયા ગાંધી અને કોંગ્રેસ પક્ષે પણ અન્ય રાજકીય પક્ષોની જેમ ખેડૂતોના આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. આજે પાટનગર નવી દિલ્હીમાં કોંગ્રેસના વડા મથકની બહાર કોંગ્રેસીઓ ખેડૂતો સાથે એકતા દર્શાવવા દેખાવો કરવાના છે.

## ૯૦ રુપિયાના પેટ્રોલમાં ૬૦ રુપિયા ટેક્સ, સરકાર શોષણ કરી રહી છે: સુબ્રમણ્યમ સ્વામી

*ન્યુ દિલ્હી,તા.૮*

અર્થતંત્રમાં સુસ્તી વચ્ચે પણ પેટ્રોલના ભાવમાં આગ લાગેલી છે.સંખ્યાબંધ શહેરોમાં પેટ્રોલનો એક લિટરનો ભાવ ૯૦ રુપિયા સુધી પહોંચી ચુક્યો છે અને લોકોના ખિસ્સા પર ભાર પડી રહ્યો છે.

પેટ્રોલના ભાવવધારા સામે હવે મોદી સરકારનો તેમની જ પાર્ટી ભાજપના સાંસદ ડો.સુબ્રમણ્યમ સ્વામીએ વિરોધ કર્યો છે. ડો.સ્વામીનુ કહેવુ છે કે, આ સમયે પેટ્રોલની કિંમત પ્રતિ લિટર ૯૦ રુપિયા થઈ ગઈ છે .હકીકત એ છે કે, પેટ્રોલની રિફાઈનરીમાંથી નિકળ્યા બાદની કિંમત પ્રતિ લિટર ૩૦ રુપિયા હોય છે.જેમાં બીજા ૬૦ રુપિયાનો ટેક્સ સરકાર દ્વારા ઝીંકવામાં આવે છે.ખરેખર તો પેટ્રોલનો વધારેમાં વધારે ભાવ પ્રતિ લિટર ૪૦ રુપિયા હોવો જોઈએ.

સ્વામીએ કહ્યુ હતુ કે, સરકાર પેટ્રોલના ભાવ વધારીને લોકોનુ શોષણ કરી રહી છે.જોકે સ્વામીનુ સૂચન સોશ્યલ મીડિયા પર ઘણાને પસંદ આવી રહ્યુ છે અને ઘણા તેનો વિરોધ પણ કરીને સવાલો પૂછી રહ્યા છે.

જોકે પહેલી વખત નથી બન્યુ કે ડો.સ્વામીએ પોતાની સરકારની નીતિઓનો વિરોધ કર્યો હોય.આ પહેલા પણ તેઓ ઘણી વખત જાહેરમાં મોદી સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવી ચુક્યા છે.

### રિકવરી દર ૯૪.૫૯ ટકા અને મૃત્યુ દર ૩.૯૬ ટકા થયો

# કોરોના હાંફ્યો: ૨૪ કલાકમાં ૨૬,૫૬૭ પોઝિટિવ કેસ નોંધાયા

*ન્યુ દિલ્હી,તા.૮*

કોરોના વાયરસને કહેર આખા દેશમાં ફેલાયેલો છે. બે મહિના બાદ તો એક વર્ષ પૂરું થવા આવશે તે પહેલાં જ આજે કોરોના વાયરસને લઇ એક સમાચાર આવ્યા છે. જી હા આજે પાંચ મહિના બાદ કોરોના વાયરસના કેસમાં ઘટાડો દેખાયો છે.

આખા દેશમાં છેલ્લાં કેટલાંય દિવસથી એવી વાતો ચાલી રહી છે કે કોરોનાની બીજી તો ક્યાંક ત્રીજી લહેરની ચર્ચા ચાલી રહી હતી. તેની વચ્ચે આજે જાણે કોરોના હાંફવા લાગ્યો હોય તેવા સમાચાર સામે આવ્યા છે. લોકોની જાગૃતતા અને સરકારના અથાગ પ્રયત્નોના લીધે કોરોના સંક્રમિતોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૬,૫૬૭ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ કેસનો આંકડો ૯૭,૦૩,૭૭૦ પર પહોંચ્યો છે. જેમાંથી હાલ ૩,૮૩,૮૬૬ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે ૯૧,૭૮,૯૪૬ દર્દીઓ સાજા થઈ ગયા છે. એક જ દિવસમાં કોરોનાથી ૩૮૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. કુલ મૃત્યુઆંક ૧,૪૦,૯૫૮ પર પહોંચ્યો છે. ૨૪ કલાકમાં ૩૯,૦૪૫ લોકોને ડિસ્ચાર્જ કરાયા છે.

ભારતમાં ૭મી ઑગસ્ટના રોજ સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઑગસ્ટના રોજ ૩૦ લાખ અને પાંચ સપ્ટેમ્બરના રોજ ૪૦ લાખને પાર થઇ ગઇ હતી. તો કુલ કેસ ૧૬ સપ્ટેમ્બરના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બરના રોજ ૬૦ લાખ, ૧૧ ઑક્ટોબરના રોજ ૭૦ લાખ, ૨૯ ઑક્ટોબરના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને પાર થઇ ગઇ હતી. ઁઝસ્ઇના મતે ૭ ડિસેમ્બર સુધીમાં ૧૪,૮૮,૧૪,૦૫૫ નમૂનાઓની કોવિડ-૧૯ સંબંધિત તપાસ કરાઇ, તેમાંથી ૧૦,૨૬,૩૯૯ નમૂનાનું ટેસ્ટિંગ સોમવારના રોજ કરાયું.

રાહતની વાત એ છે કે નવા કોરોના સંક્રમિતોની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આ સંખ્યા રોજની ૬૦થી ૭૦ હજાર સુધી પહોંચી ગઈ હતી. પરંતુ ધીરે ધીરે ઘટીને હવે ૩૦ હજારથી નીચે આવી છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસમાં પણ ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. હાલ દેશમાં કુલ ૩,૮૩,૮૬૬ લોકો કોરોના સંક્રમિત છે. જ્યારે ૯૧ લાખથી વધુ લોકો કોરોનાને માત આપીને સાજા થઈ ગયા છે.

## બ્રિટનમાં ૯૦ વર્ષની મારગ્રેટ કીનને પૂર્ણ વિકસિત કોરોનાની રસી આપવામાં આવી



*લંડન,તા.૮*

બ્રિટનની ૯૦ વર્ષની મારગ્રેટ કીનન વિશ્વની પ્રથમ મહિલા બની ગઇ છે જેને કોરોનાની પ્રથમ પૂર્ણ વિકસિત રસી આપવામાં આવી છે. આજે લંડનમાં એક હોસ્પિટલમાં ડૉક્ટરોએ તેમણે ફાઇજર/બાયોએનટેક દ્વારા વિકસિત કોરોનાની પ્રથમ રસી આપી હતી.

મારગ્રેટ કીનનને મધ્ય ઇંગ્લેન્ડની કૉવેંટ્રી હોસ્પિટલમાં ડૉક્ટરોએ કોરોનાની રસી આપી હતી, તેમણે સ્થાનિક સમય અનુસાર ૬ વાગીને ૩૧ મિનિટે કોરોનાની વેક્સીન આપવામાં આવી હતી.મારગ્રેટ કીનન એક અઠવાડિયા બાદ પોતાનો ૯૧માં જન્મ દિવસ મનાવશે.

મહત્વપૂર્ણ છે કે બ્રિટનમાં આજથી કોરોનાની રસી આપવાનું અભિયાન શરૂ થયુ છે. આ કોરોના વેક્સીનને અમેરિકન કંપની ફાઇજર અને બાયોએનટેકે વિકસિત કરી છે. મારગ્રેટ કીનન પ્રથમ મહિલા છે જેણે કોરોનાની પૂર્ણ વિકસિત રસી આપવામાં આવી છે. આ પહેલા કોરોના વેક્સીનને વિકસિત કરવા દરમિયાન કેટલાક લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી ચુકી છે. આ વેક્સીનની શરૂઆત સાથે બ્રિટન વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે જેણે લગભગ ૧૫ લાખ લોકોનો જીવ લેનાર કોરોના મહામારી વિરૂદ્ધ અંતિમ જંગની શરૂઆત કરી દીધી છે.

## ભારત બાયોટેકએ 'કોવેક્સીન'ના ઈમરજન્સી ઉપયોગ માટે માંગી મંજૂરી




*ન્યુ દિલ્હી,તા.૮*

ભારત બાયોટેકએ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા પાસે પોતાની સ્વદેશી પદ્ધતિથી ડેવલોપ થયેલી કોરોના વૅક્સીનના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી માંગી છે. ભારત બાયોટેક સ્વદેશી વૅક્સીનનો ટ્રાયલ કરનાર અને તેના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માંગનાર પ્રથમ કંપની બની ગઈ છે.

ભારત બાયોટેક દેશમાં કોરોના વૅક્સીનનો ટ્રાયલ કરનારી ત્રીજી કંપની છે. અગાઉ ફાઈઝર અને સીરમ ઈન્સ્ટીટ્યૂટે પણ પોતાની કોરોના વૅક્સીનના ઈમરજન્સી ઉપયોગ માટે DCGI સમક્ષ મંજૂરી માંગી છે.

ફાઈઝર, સીરમ ઈન્સ્ટીટ્યૂટ અને ભારત બાયોટેક દ્વારા ડેવલોપ કરવામાં આવેલી કોરોના વૅક્સીનના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપવા સંદર્ભે બુધવારે વિચાર કરવામાં આવશે.

સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડિયાએ પોતાના કોરોના વૅક્સીન "કૉવિશીલ્ડ"ના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી માંગી છે. પૂણેની આ કંપનીએ પોતાની સ્વદેશી વૅક્સીનને લોકોના હિતમાં અને મેડિકલ આવશ્યક્તાઓની પૂરી પાડવાનો આધાર આપીને મંજૂરી આપવાનો આગ્રહ કર્યો છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના જણાવ્યા અનુસાર, સીરમ ઈન્સ્ટીટ્યૂટ આ વૅક્સીનના ૪ કરોડ ડોઝ પહેલાથી જ બનાવી ચૂક્યું છે અને DCGI પાસેથી તેને સ્ટોર કરવા માટે લાઈસન્સ પણ મેળવી ચૂક્યુ છે.

## ગેસના ભાવ નક્કી કરવા સરકારની મંજૂરી લેવી નહિ પડે

*ન્યુ દિલ્હી,તા.૮*

નવી માર્ગદર્શિકા મુજબ રિલાયન્સ ઈન્ડસ્ટ્રિ સહિત કુદરત ગેસના ઉત્પાદકોએ હવે ગેસના ભાવ નક્કી કરવા માટે સરકારની મંજૂરી લેવી નહિ પડે, એમ સત્તાવાર બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે. તેલ અને કુદરતી ગેસ ખાતાએ ગયા અઠવાડિયે ઈ-બીડિંગ મારફતે સ્થાનિક સ્તરે ઉત્પાદન કરવામાં આવતા કુદરતી ગૅસનો બજારભાવ નક્કી કરવા માટે માગદર્શિકા બહાર પાડી હતી. રાજ્ય સંચાલિત ઓએનજીસી અને ઑઈલ ઈન્ડિયા લિ.ની માલિકીના નામાંકિત બ્લૉકના જૂના તેલક્ષેત્રો સિવાયના અન્ય તમામ તેલક્ષેત્રોમાંથી ઉત્પાદિત કરવામાં આવેલા કુદરતી ગૅસનો ભાવ નક્કી કરવાની સરકારે વર્ષ ૨૦૧૭થી સ્વતંત્રતા આપી હતી. નૉન-નોમિનેશન બ્લૉક્સ માટેની રિલાયન્સ ઈન્ડસ્ટ્રિ-બીપી કમ્બાઈન તેમ જ ઓએનજીસી જેવી કંપનીઓ વપરાશકર્તાઓને ગૅસનું લિલામ કરતી હતી.

### વડાપ્રધાને ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ-૨૦૨૦ને સંબોધિત કરી

# કોરોના કાળમાં ટેકનોલોજીએ મહત્વની ભૂમિકા ભજવી છે: મોદી

*ન્યુ દિલ્હી,તા.૮*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ(આઈએમસી) ૨૦૨૦ને સંબોધિત કરી છે. તેમણે વીડિયો કૉન્ફન્સિંગ દ્વારા આઈએમસીને સંબોધિત કરી. આ દરમિયાન તેમણે કહ્યુ કે આ તમારા ઈનોવેશન અને પ્રયત્નોના કારણે જ છે કે દુનિયા મહામારી છતાં પણ ચાલતી રહી. આ તમારા પ્રયાસોના કારણે જ છે કે એક દીકરો પોતાની મા સાથે એક અલગ શહેર સાથે જોડાયેલો છે. એક છાત્રએ કક્ષામાં ન હોવા છતાં પણ શિક્ષક પાસેથી શીખ્યુ.

તેમણે કહ્યુ કે ભારતના વિકાસમાં ટેલિકૉમ સેક્ટરે મહત્વની ભૂમિકા નિભાવી છે. ભવિષ્યમાં આગળ વધવા અને લાખો ભારતીયોને સશક્ત બનાવવા માટે આપણે સમયે ૫જીનો રોલ-આઉટ સુનિશ્ચિત કરવા માટે એક સાથે કામ કરવાની જરૂર છે. તો ચાલો, ભારતને દૂરસંચાર ઉપકરણ, વિકાસ, વિનિર્માણ અને ડિઝાઈનમાં એક વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે એક સાથે કામ કરીએ. ટેકનિકલ ઉન્નયનના કારણે આપણે હેન્ડસેટ અને ગેઝેટ્સને ઘણી વાર બદલી દઈએ છે. શું ઈન્ડસ્ટ્રી સર્ક્યુલર ઈકોનૉમીનુ નિર્માણ કરવા અને ઈલેક્ટ્રૉનિક કચરાને સંભાળવાના હેતુ વિચારવા માટે એક ટાસ્ક ફોર્સ બનાવી શકે છે?

પ્રધાનમંત્રીએ આગળ કહ્યુ કે, 'પરંતુ ઘણીવાર જે વાત સૌથી વધુ મહત્વની છે તે એ છે કે યુવાનોને તેમની પ્રોડ્કટ પર વિશ્વાસ છે. ઘણા યુવા ટેકનિકલ વિશેષજ્ઞો મને જણાવે છે કે આ કોડ છે જે એક ઉત્પાદને વિશેષ બનાવે છે. અમુક ઉદ્યમી મને કહે છે કે આ કૉન્સેપ્ટ છે જે વધુ મહત્વ ધરાવે છે. રોકાણકારોનુ સૂચન છે કે તે પૂંજી છે, જે એક ઉત્પાદનને સ્કેલ કરવા માટે મહત્વપૂર્ણ છે. આ મોબાઈલ ટેકનિકના કારણે છે કે આપણે અબજોની કેશલેશ લેવડદેવડ જોઈ રહ્યા છે જે ઔપચારિકતા અને પારદર્શિતાને વધારે છે.

આ મોબાઈલ ટેકનિકના કારણે છે કે આપણે ટોલ બુથો પર સહજ સંપર્ક રહિત ઈન્ટરફેસને સક્ષમ કરી શકીશુ. આ મોબાઈલ ટેકનિકના કારણે છે કે આપણે લાખો ભારતીયોને અબજો ડૉલરનો લાભ આપવવામાં સક્ષમ છે. આ મોબાઈલ ટેકનિકના કારણે છે કે આપણે ગરીબો અને નબળા લોકોની મદદ કરવામાં ત્વરિત/મહામારી દરમિયાન સક્ષમ હતા.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૨૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૨૧૪૯૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૫

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૫૩૧

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૦૩૨૧૧

## તંત્રી સ્થાનેથી...

### નવા કૃષિ કાયદાના ખેડૂતોના હઠાગૃહના પડઘા વિશ્વમા પડ્યા છે ત્યારે સરકાર કાયદો પરત ખેચશે.....?

દેશમાં નવા કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા ખેડૂતોના આંદોલને વિશ્વના કેટલાક દેશોમાં પ્રત્યાઘાત પડયા છે. જ્યારે ભારતમાં ખેડૂત મહા સંગઠન દ્વારા તેમજ ટ્રાન્સપોર્ટ એસો. દ્વારા આપવામાં આવેલા ૮ મી ડિસેમ્બરના બંધને બિન ભાજપા સરકારોમાં મોટી સફળતા મળી છે તો ભાજપ શાસિત રાજ્યોમાં આંશિક અસર થઈ છે... દેશમાં સૌથી વધુ ભારત બંધની અસર ઉત્તર ભારતમાં થવા પામી છે ત્યાં અનેક ટ્રેનો બંધ કરવી પડી છે,જ્યારે કે દેશના તમામ હાઈવે, એક્સપ્રેસવે અને રાજ્ય હાઇવે ટ્રાન્સપોર્ટ વ્યવહારથી ધમધમતા હતા તે રસ્તાઓ મોટાભાગે શાંત થઈ ગયા છે. કારણ ટ્રાન્સપોર્ટ એસો.નો ખેડૂત આંદોલન ને ટેકો છે. જેની અસર ભાજપ શાસિત રાજ્યોને પણ થવા પામી છે. જેના કારણે રાજ્યોને ૨૫ કરોડનું નુકસાન થશે.....! તે સાથે જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવામાં મોટો વિક્ષેપ પડશે. દરમિયાન એક સમયે દિલ્હીમાં ભ્રષ્ટાચાર મુદ્દે આને લોકપાલ મુદ્દે અન્ના હજારેએ આંદોલન કર્યું હતું જેમાં ભાજપાએ અગત્યની ભૂમિકા ભજવી હતી. એજ અન્ના હજારે આજે મહારાષ્ટ્રના રાલેગણસિદ્ધિ ગામમાં અનશન પર બેસી ગયા છે... અને તેમનો રેકોર્ડ કરેલ સંદેશ વાયરલ થયો છે જેમાં તેમને દેશના લોકોને અપીલ કરી છે કે દેશમાં આંદોલન થવું જોઈએ. દિલ્હીમાં જે ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે તે સમગ્ર દેશમાં ચાલવુ જોઈએ. સરકાર પર દબાણ કરવા આવી સ્થિતિ પેદા કરવી જોઈએ જેથી સરકાર કિસાનોના હિતમાં પગલાં ભરે......!!

ખેડૂત આંદોલન તોડવા ખાલીસ્તાની નારા પોકારતો વીડિયો વાયરલ થયો અને આક્ષેપો પણ ખેડૂત આંદોલન પર મુકાયા.... પરંતુ સામે ખાલિસ્તાની નારા પોકારનારના મોદી સાથેના ફોટો વાયરલ થતાં તે આક્ષેપોનુ સુરસુરીયુ થઈ ગયું.... તો આંદોલન કરતા ખેડૂતોએ રાજકીય પક્ષોના ટેકાને આવકાર્યો પરંતુ રાજકીય વાત નહીં કરવાની કે પક્ષીય ઈશારો નહીં આપવાનો શરત મુકવામાં આવેલ જે સફળ રહી અને ખેડૂત આંદોલન બિનરાજકિય છે તે સાબિત કરી દીધું છે. બીજી તરફ મધ્યપ્રદેશ, ગુજરાત જેવા જે રાજ્યોમાં ભાજપ સરકાર છે ત્યાં આકરા પગલાં લેવાની ચેતવણીઓ આપી જેથી આંશિક સફળતા મળી છે. ગુજરાતમાં વિપક્ષ કોંગ્રેસ નેતા સહિત અનેક કોંગ્રેસના નાના મોટા નેતાઓની અટકાયત કરી અનેકને ઘરેથી ઉઠાવી લેવામાં આવ્યા એ જ રીતે આપ આદમી પાર્ટીના કાર્યકરોની પણ ધરપકડ કરવામાં આવી જેની જનજીવન સામાન્ય બની રહ્યું હતું. ત્યારે હરિયાણામાં ખટ્ટર સરકારની અવગણના લોકોએ કરી છે બંધમાં મોટી સફળતા મળી... અને હવે આવનાર સમયમાં ખટ્ટર સરકાર માટે કદાચ જોખમ ઊભુ થઈ જવાની દહેશત વધી પડી છે.....! જ્યારે કે ભુવનેશ્વર, પ્રયાગરાજ, મહારાષ્ટ્રના મલકાપુર ગામમા આંદોલનકારીઓએ ટ્રેનો અટકાવતાં ટ્રેનો રદ કરવામાં આવી હતી. ઓડિશામાં સરકારી કાર્યાલયો સહિત બધુજ બંધ છે, કર્ણાટક,આંધ્રમા પણ બંધની ભારે અસર થઈ જ્યારે બંગાળમાં મોટી અસર થવા પામી હતી.આ ખેડૂત આંદોલનને દેશના વિવિધ ૨૪ રાજકીય પક્ષો અને ૧૦ જેટલા સંગઠનોનો ટેકો મળેલ. હવે બપોરે ત્રણ વાગ્યે આંદોલન પૂર્ણ થયુ છે. આવતીકાલે બુધવારે સરકારની સાથે ખેડૂતોની બેઠક યોજાનાર છે તેના પર સૌની નજર છે. તો શરદ પવારની મુલાકાત રાષ્ટ્રપતિ સાથે છે એટલે દરેકની નજર તેના ઉપર પણ છે. છતાંય સરકાર કૃષિ કાનુન પાછા ખેંચવા નહીં પરંતુ સકારાત્મક સુજાવ સ્વિકારવાની વાત પકડી રાખી છે. ત્યારે ખેડૂત આંદોલન ની અસર કેવી થઇ છે તે બુધવારે સરકારની ખેડૂતો સાથેની બેઠક પછી જાણવા મળી શકે અથવા શરદ પવારની રાષ્ટ્રપતિ સાથેની બેઠક પછી......!

## રિલાયન્સ જિયો 5-G સર્વિસ લૉન્ચ કરશેઃ મુકેશ અંબાણીની જાહેરાત

*મુંબઈ,તા.૮*

દિગ્ગજ ઉદ્યોગપતિ મુકેશ અંબાણી '5G' ક્રાંતિલઈને આવી રહ્યા છે. આ સંદર્ભે તેમણે એક કાર્યક્રમમાં આ અંગે વધારાની માહિતી આપી હતી. ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના કાર્યક્રમને સંબોધતા અબજોપતિ મુકેશ અંબાણીએ કહ્યું કે રિલાયન્સ જિયો ૨૦૨૧ ના ??બીજા ભાગમાં ૫૨ સેવા શરૂ કરવાની તડામાર તૈયારીઓ કરી રહ્યું છે.

આ માટે, જો કે, નીતિમાં પરિવર્તન અને પ્રક્રિયાને વેગ આપવાની જરૂર છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી નીતિ સરળ અને સસ્તી નહીં હોય તે શક્ય નહીં હોય.

મુકેશ અંબાણીએ કહ્યું કે ૨૦૨૧માં જિયો ભારતમાં 5 S ક્રાંતિ લાવશે. આખું નેટવર્ક સ્વદેશી હશે. આ સિવાય હાર્ડવેર અને ટેકનોલોજી પણ સ્વદેશી હશે. તેના દ્વારા આપણે આત્મનિર્ભર ભારતનું સપનું પૂર્ણ કરીશું. તેમણે કહ્યું કે ભારતે ૫ જી સ્પેક્ટ્રમ અંગે વહેલી તકે નિર્ણય લેવો જોઈએ. સાથે તેઓએ એમ પણ કહ્યું કે Jio 5G ક્રાંતિનું નેતૃત્વ કરશે. અંબાણીએ આગળ કહ્યું કે, આગામી દિવસોમાં ભારત સેમી-કંડક્ટરનું ઉત્પાદન કેન્દ્ર બની શકે છે. અમે ફક્ત સેમી-કંડક્ટરની આયાત પર આધાર રાખી શકતા નથી. દેશમાં હાલમાં ૩ કરોડ ૨ ૮ ફોન યુઝર્સ છે. આ લોકો માટે સ્માર્ટફોન સુધી પહોંચવુ જરૂરી છે અને આ માટે, નીતિ હસ્તક્ષેપની જરૂર છે. અંબાણીએ કહ્યું કે અમે ડિજિટલી સારી રીતે જોડાયેલ છે, આમ હોવા છતાં ૩૦૦ મિલિયન લોકો હજી પણ ૨ જી સ્માર્ટફોનનો ઉપયોગ કરી રહ્યાં છે.

## માઉન્ટ એવરેસ્ટનું કદ વધ્યું, નેપાળના સર્વેમાં નવી ઊંચાઈ ૮,૮૪૮.૮૬ મીટર

*કાઠમાંડૂ,તા.૮*

નેપાળ અને ચીને વિશ્વના સૌથી ઊંચા પર્વત એવા માઉન્ટ એવરેસ્ટની નવી સત્તાવાર ઉંચાઈ સંયુક્ત રીતે જાહેર કરી છે. માઉન્ટ એવરેસ્ટની નવી ઊંચાઈ ૮,૮૪૮.૮૬ મીટર હોવાનું જણાવાયું છે. નેપાળ સરકારે એવરેસ્ટની સચોટ ઊંચાઈ માપવાનો નિર્ણય કર્યો હતો. એવરેસ્ટની ઊંચાઈને લઈને છેલ્લા ઘણા વર્ષોથી માંગ ઉઠી હતી અને ચર્ચા થઈ રહી હતી.



એક અંદાજ મુજબ ૨૦૧૫માં આવેલા વિનાશક ભૂકંપ તેમજ અન્ય કુદરતી કારણોસર એવરેસ્ટની ઊંચાઈમાં આંશિક બદલાવ આવ્યો હતો. વિદેશ મંત્રી પ્રદીપ ગ્યાલવીએ જણાવ્યું કે નેપાળે એવરેસ્ટની ઊંચાઈ ૮,૮૪૮.૮૬ મીટર હોવાનું માપ્યું છે. નવી ઊંચાઈ અગાઉ કરાયેલા સર્વેક્ષણની તુલનાએ ૮૬ સેન્ટિમીટર વધુ છે. ભારત સર્વેક્ષણ દ્વારા ૧૯૫૪માં કરાયેલી માપણી વખતે માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ ૮,૮૪૮ મીટર છે. માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ ૧૮૪૭માં ૮,૭૭૮ મીટર માપવામાં આવી હતી પરંતુ ૨૦૨૦માં નેપાળ અને ચીને સંયુક્ત પ્રયાસ કરીને નવી સંશોધીત ઊંચાઈનું આકલન કર્યું છે. નેપાળના વિદેશ મંત્રી પ્રદીપ ગ્યાવલી અને તેમના ચીનના સમકક્ષ વાંગ યીએ એક કાર્યક્રમ દરમિયાન કાઠમાંડુ અને બેઈજિંગમાં એક સાથે સત્તાવાર રીતે માઉન્ટ એવરેસ્ટની નવી ઊંચાઈની જાહેરાત કરી હતી. નેપાળના વિદેશ મંત્રીએ કહ્યું કે આ એક ઐતિહાસિક દિવસ છે. માઉન્ટ એવરેસ્ટની નવી ઊંચાઈ ૮,૮૪૮.૮૬ મીટર છે. નેપાળ દ્વારા ૨૦૧૧થી એવરેસ્ટની ઊંચાઈ માપવાનું કામ ચાલી રહ્યું હતું. નેપાળના સર્વેક્ષણ વિભાગ સચોટ માપ સેન્ટિમીટરમાં છે.

### ૧ જાન્યુ.થી સંભાળશે પદભાર

## WHOના સૌ પ્રથમ CEO તરીકે ભારતીય મૂળના અનિલ સોનીની નિમણૂંક



*ન્યૂયોર્ક,તા.૮*

ભારતીય મૂળના હેલ્થ એક્સપર્ટ અનિલ સોનીની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ફાઉન્ડેશનમાં CEO તરીકે નિમણૂક કરાઇ છે. વિશ્વ આરોગ્ય સંગઠને વિશ્વમાં આરોગ્યના મોરચે લડવા માટે નવી સંસ્થા બનાવી છે, અનિલ સોની તેના પ્રથમ CEO બન્યા છે.

અનિલ સોની ૧ જાન્યુઆરીથી તેમનું કામ સંભાળશે. આ સમયગાળા દરમ્યાન તેમનું મુખ્ય ફોકસ વિશ્વમાં આરોગ્ય ક્ષેત્રે નવી તકનીકનો ઉપયોગ અને તેનો સામાન્ય લોકોને લાભ પહોંચાડવા પર રહેશે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને મે ૨૦૨૦માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ફાઉન્ડેશનની શરૂઆત કોરોના સંકટ વચ્ચે કરી હતી. અત્યાર સુધી અનિલ સોની ગ્લોબલ હેલ્થકેર કંપની વિયાટ્રિસની સાથે હતા, જ્યાં તેઓ ગ્લોબલ ઈન્ફેકશન ડિસીસના વડા તરીકે કાર્યરત હતા.

WHOના ડાયરેક્ટર જનરલ ડો.ટેડ્રોસે અનિલ સોનીની પ્રશંસા કરી છે અને આરોગ્યના ક્ષેત્રમાં ઉકેલ લાવવા માટે નવા પ્રકારના પ્રયોગ કરનાર બતાવ્યા છે. તેમણે કહ્યું કે આજે દુનિયા મુશ્કેલીના સમયમાંથી પસાર થઈ રહી છે, આવી સ્થિતિમાં તેમની નવી વિચારસરણી આપણને આવા સમયમાં લડવાની તક આપશે.

આપને જણાવી દઈએ કે અનિલ સોની અગાઉ ક્લિન્ટન હેલ્થ એક્સેસમાં પણ કામ કરી ચૂક્યા છે, જયાં તેઓ ૨૦૦૫ થી ૨૦૧૦ સુધી રહ્યા હતા. આ સિવાય તેઓ તે બિલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશનના આરોગ્ય વિભાગમાં કાર્યભાર સંભાળ્યો છે. અનિલ સોનીએ પણ WHOની સારવારમાં મહત્વની ભૂમિકા નિભાવી છે. કોરોના સંકટ કાળમાં વિશ્વની સામે અનેક પડકારો આવ્યા છે આ દરમ્યાન વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ઘણી ટીકા થઈ. પરંતુ હવે WHO નવા સંગઠન અને જોશ દ્વારા ભંડોળ એકત્રીત કરી રહ્યું છે.

## કોલકાત્તામાં હવે હેલ્મેટ પહેરેલું હશે તો જ પેટ્રોલ મળશે..!

*કોલકાત્તા,તા.૮*

દેશમાં વધતા જતા રોડ અકસ્માતને ઓછા કરવા માટે સરકારે થોડાક સમય પહેલા મોટર વ્હિકલ એક્ટમાં કેટલાય ફેરફારો કર્યો છે. આ ઉપરાંત દંડની રકમ વધારી દેવામાં પણ આવી છે. આમ છતાં ટ્રાફિકના નિયમોને લોકો યોગ્ય રીતે પાલન નથી કરતાં.

આ બધાની વચ્ચે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકત્તામાં હવે તેમને જ પેટ્રોલ આપવામાં આવશે, જેને હેલમેટ પહેરેલુ હશે. કોલકત્તા પોલીસ અનુસાર શહેરમાં હેલમેટ વિના પેટ્રોલ નહીંના નિયમને લાગુ કરવામાં આવી રહ્યો છે.

નો હેલમેટ નો પેટ્રોલના આ અભિયાનના માધ્યમથી વાહન ચાલકોને હેલમેટ પહેરવા માટે જાગૃત કરવામાં આવશે. કોલકત્તા પોલીસ કમિશનર અનુજ શર્માએ આદેશમાં કહ્યું- હેલમેટ વિનાના કેટલાય ટુ વ્હિલર સવારોની પાછળ પણ હેલમેટ વિના બેઠેલા હોય છે, અને ટુ વ્હિલરમાં હેલમેટ વિના કેટલાય લોકોને અકસ્માતનો ભોગ બનવુ પડે છે, અને નિયમોના ઉલ્લંઘનના કારણે આવી કેટલીય ઘટનાઓ વધી ગઇ છે.

## બાઈડને લશ્કરના નિવૃત્ત વડા જનરલ લૉઈડ ઓસ્ટિનને સંરક્ષણ પ્રધાન તરીકે પસંદ કર્યા

*વૉશિંગ્ટન,તા.૮*

અમેરિકાના પ્રમુખપદે ચૂંટાયેલા ડેમોક્રેટ જો બાઈડને અમેરિકી લશ્કરના નિવૃત્ત વડા જનરલ લૉઈડ ઓસ્ટિનને પોતાના સંરક્ષણ પ્રધાન તરીકે પસંદ કર્યા હોવાની જાણકારી મળી હતી. લૉઈડ ઓસ્ટિન રૂપે અમેરિકાને તેના ઈતિહાસમાં પહેલવહેલા બિનગોરા સંરક્ષણ પ્રધાન મળશે.

અમેરિકામાં છેલ્લા થોડા સમયથી પોલીસ અને બિનગોરી વસતિ વચ્ચે થઇ રહેલી અથડામણને ધ્યાનમાં રાખીને કરાયેલી આ પસંદગીથી બિનગોરી વસતિ રાજી થશે એવી બાઈડનની ધારણા હોય તો નવાઇ નહીં. જનરલ ઓસ્ટિન પહેલી એવી લશ્કરી વ્યક્તિ છે જેણે લડાઈના મેદાનમાં બહાદૂરી દેખાડી હોય અને નિવૃત્ત થયા બાદ સંરક્ષણ પ્રધાન બન્યા હોય.

જનરલ લૉઈડ એવી પહેલી બિનગોરી વ્યક્તિ છે જેણે લડાઈના મેદાનમાં એક આખી ડિવિઝનનું નેતૃત્વ સંભાળ્યું હોય. અમેરિકી ન્યૂઝ વેબસાઈટ પોલિટિકોના અહેવાલ મુજબ આજે (મંગળવારે) સવારે લોઈડના નામનો અણસાર આપવામાં આવ્યો હતો. જનરલ લૉઈડ ૨૦૧૬માં અમેરિકી લશ્કરના સેન્ટ્રલ ઈન કમાન્ડની પોસ્ટ પરથી નિવૃત્ત થયા હતા.

અત્યાર અગાઉ ભૂતપૂર્વ અમેરિકી પ્રમુખ બરાક ઓબામાના એક સાથીદારનું નામ ઊપસ્યું હતું પરંતુ પાછળથી એ નામ પડતું મૂકાયું હતું અને જનરલ લૉઈડનું નામ ઊપસી આવ્યું હતું.

## પાકિસ્તાન-ચીન સહિતના દેશોમાં ધાર્મિક સ્વાતંત્ર્ય નથીઃ અમેરિકી અહેવાલ

*વૉશિંગ્ટન,તા.૮*

પાકિસ્તાન અને ચીન સહિત આઠ દસ દેશોમાં ધાર્મિક સ્વાતંત્ર્ય નથી એવું એક અમેરિકી અહેવાલમાં જણાવાયું હતું. યુએસ કમિશન ઓન રિલિજયસ ફ્રીડમ સંસ્થાએ આવા દેશોનાં નામ પ્રગટ કર્યાં હતાં. અમેરિકાએ કહ્યું હતું કે આ દેશોમાં ધાર્મિક લઘુમતીને સતત હેરાન કરવામાં આવે છે એ મદ્દે અમેરિકા ચિંતિત હતું.

અમેરિકાના વિદેશ પ્રધાન માઈક પોમ્પિયોએ આ અહેવાલની વિગતો પ્રગટ કરતાં જે આઠ દેશોનાં નામ આપ્યાં હતાં તેમાં પાકિસ્તાન અને ચીન ઉપરાંત ઈરાન, ઈરીટ્રીયા, નાઈજિરીયા, નોર્થ કોરિયા, સાઉદી અરેબિયા, તાજિકિસ્તીન અને તૂર્કમેનિસ્તાનનો સમાવેશ થયો હતો. જો કે આ રિપોર્ટ પ્રગટ થતાંની સાથે પાકિસ્તાને સબળ શબ્દોમાં એનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આ રિપોર્ટ પક્ષપાત ભરેલો છે. આમાં ભારતનું નામ કેમ નથી. ભારતમાં પણ લઘુમતી સતત ભય હેઠળ જીવતી હોવાના અહેવાલ અવારનવાર પ્રગટ થતા રહે છે.

અમેરિકી વિદેશ ખાતાએ કોમોરોસ, ક્યૂબા, નિકારાગુઆ અને રશિયા વિશે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે આ દેશોમાં અવારનવાર ધાર્મિક સ્વાતંત્ર્યનું ઉલ્લંઘન થતું હતું. સાથોસાથ અમેરિકાએ અલ કાયદા, જૈશ-એ-મુહબ્બત, અલ શબાબ, બોકો હરમ, હયાત-તહરીર અલ શામ, આઈએસઆઈએસ વગેરે સંસ્થાઓને ઝનૂની મજહબી સંસ્થાઓ ગણાવીને એ માનવ જાત માટે જોખમ રૂપ હોવાનું પણ આ અહેવાલમાં જણાવ્યું હતું.

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈની આગેકૂચઃ ક્રૂડ તેલ પણ ઘટ્યુંઃ કોટનમાં સેંકડા વધ્યા

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૮૦,૮૯૨ સોદામાં રૂ.૧૦,૫૬૮.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈની આગેકૂચ રહી વાયદા વધુ ઘટ્યા હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૯ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૮૧૬ ઘટ્યો હતો. બિનલોહ ધાતુઓમાં સાર્વત્રિક ઘટાડો વાયદાના ભાવમાં થયો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો વાયદો ઘટવા સામે નેચરલ ગેસનો વાયદો વધીને ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધી આવ્યા હતા, જ્યારે સીપીઓ અને મેન્થા તેલમાં ઘટાડો થયો હતો. આ સામે કપાસનો વાયદો સુધરી આવ્યો હતો. દરમિયાન, કીમતી ધાતુઓનો સૂચકાંક બુલડેક્સનો ડિસેમ્બર વાયદો ૧૫,૪૮૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૫,૫૨૮ અને નીચામાં ૧૫,૩૭૭ બોલાઈ, દિવસ દરમિયાન ૧૫૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે પ્રથમ સત્રનાં અંતે ૮૦ પોઈન્ટ ઘટી ૧૫,૩૮૯ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો ડિસેમ્બર વાયદો ૧૩,૫૨૫ના સ્તરે ખૂલી, દિવસ દરમિયાન ૯૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે પ્રથમ સત્રનાં અંતે ૯૦ પોઈન્ટ ઘટી ૧૩,૪૪૭ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૯૨૧૬ સોદાઓમાં રૂ.૫૬૫૬.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૧૭૫ અને નીચામાં રૂ.૪૯૭૧૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૯ ઘટીને રૂ.૪૯૭૫૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૪ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૮૮૧ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૮૬ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૭ ઘટીને બંધમાં રૂ.૪૯૭૩૬ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૫૩૮૮ ખૂલી, ઊપરમાં રૂ.૬૫૬૬૬ અને નીચામાં રૂ.૬૪૫૭૬ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૧૬ ઘટીને રૂ.૬૪૬૮૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૯૫ ઘટીને રૂ.૬૪૬૭૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૮૦૩ ઘટીને રૂ.૬૪૬૭૩ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૦૩૪૩ સોદાઓમાં રૂ.૧૯૧૩.૯૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૩૬૮ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૮૯ અને નીચામાં રૂ.૩૩૩૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૫ ઘટીને રૂ.૩૩૫૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૧૭૩ સોદાઓમાં કુલ રૂ.૨૪૫.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૧૯૯૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૯૨૦ અને નીચામાં રૂ.૧૯૭૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૦ વધીને રૂ.૧૯૮૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૮૯૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૮૦ પૈસા ઘટીને બંધમાં રૂ.૮૯૫.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૪૯ અને નીચામાં રૂ.૯૪૪.૧ રહી, અંતે રૂ.૯૪૬.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૬૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૭૫ અને નીચામાં રૂ.૧૧૬૪ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦.૫૦ વધીને રૂ.૧૧૭૩ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૧૭૦૯ સોદાઓમાં કુલ રૂ.૨૮૦૧.૭૯ કરોડ ની કીમતનાં ૫૬૦૭.૨૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૭૫૦૭ સોદાઓમાં કુલ રૂ.૨૮૫૪.૩૦ કરોડ ની કીમતનાં ૪૩૮.૩૮૨ ટન, ક્રૂડ તેલમાં ૬૬૪૧ સોદાઓમાં રૂ.૩૭૪.૬૪ કરોડનાં ૧૧૧૫૭૦૦ બેરલ્સ, કોટનમાં ૩૮૫ સોદાઓમાં રૂ.૨૬.૫૧ કરોડનાં ૧૩૩૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૭૪૫ સોદાઓમાં રૂ.૨૧૬.૮૯ કરોડનાં ૨૪૧૬૦ ટન, મેન્થા તેલમાં ૧૩ સોદાઓમાં રૂ.૧.૭૪ કરોડનાં ૧૮.૩૬ ટન, કપાસમાં ૩૦ સોદાઓમાં રૂ.૭૨.૫૬ લાખનાં ૧૨૪ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૨૭૪.૪૪૬ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૮૪.૮૩૯ ટન, ક્રૂડ તેલમાં ૧૫૭૨ બેરલ્સ, કોટનમાં ૬૮૪૦૦ ગાંસડી, સીપીઓમાં ૮૪૦૯૦ ટન, મેન્થા તેલમાં ૧૨૪.૨ ટન અને કપાસમાં ૫૬૮ ટનના સ્તરે રહ્યો હતો. સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૬૨ અને નીચામાં રૂ.૯૭૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૦૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૮ અને નીચામાં રૂ.૩૧૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૦૮.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૩૬ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૩૬ અને નીચામાં રૂ.૬૪૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૫૩૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૪૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૮ અને નીચામાં રૂ.૪૪૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૫૯.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ.૫૮૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૪ ખૂલી, ઊપરમાં રૂ.૪ અને નીચામાં રૂ.૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૮૮ અને નીચામાં રૂ.૬૩.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૫.૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૮૧.૫ અને નીચામાં રૂ.૬૦.૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૮.૨ બંધ રહ્યો હતો.

## પાકિસ્તાનમાં ઓક્સિજનના અભાવે છ કોરોના પોઝિટિવ દર્દીઓના મોત

*ઈસ્લામાબાદ,તા.૮*

પાકિસ્તાનની એક મોટી હોસ્પિટલમાં ઓક્સિજન અચાનક ખત્મ થઈ ગયા બાદ ઘણા કોરોનાવાયરસના દર્દીઓના મોત નિપજ્યા હતા, આ ઘટના લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. આ પછી વિરોધી પક્ષોએ રાજ્યના આરોગ્ય પ્રધાનના રાજીનામાની માંગ કરી છે. આ બનાવ બાદ હોસ્પિટલના ડાયરેક્ટર સહિત સાત સ્ટાફને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પાકિસ્તાની અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે શનિવારે રાત્રે ઓછામાં ઓછા છ કોરોના દર્દીઓ ઓક્સિજનના અભાવ પછી મૃત્યુ પામ્યા છે. આ ઘટના ખૈબર ટીચિંગ હોસ્પિટલની છે. તે પેશાવર શહેરની સૌથી મોટી હોસ્પિટલ છે. શનિવારે ઓક્સિજનના અભાવે હોસ્પિટલમાં ભયનું વાતાવરણ ફેલાયું હતું.

હોસ્પિટલે દર્દીઓના પરિવારને ઓક્સિજનની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. આની પાછળનું એક કારણ એ પણ હતું કે ઓક્સિજન સપ્લાય કરતો વિક્રેતા સમયસર ડિલિવરી નહોતી પહોંચાડી શક્યો, આખરે, રવિવારે સવારે ૪ વાગ્યે, હોસ્પિટલમાં ઓક્સિજન સપ્લાય ફરીથી કરવામાં આવ્યો હતો. પ્રારંભિક તપાસમાં બહાર આવ્યું છે કે ઓક્સિજન પ્લાન્ટમાં કામ કરતા બે અધિકારીઓ ગેરહાજર હતા. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સિસ્ટમની નિષ્ફળતાને કારણે આ ઘટના બની છે અને સ્ટાફમાં બેકઅપને લગતી તાલીમનો અભાવ પણ જોવા મળ્યો હતો.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત NOG સાહિત્ય સરિતા - ૧ " સથવારો" વિષય અંતર્ગત ગ્રુપ મેમ્બરો ની આજે "ગદ્ય" રચનાઓ...
આયોજક/સંચાલક/તંત્રી : પ્રદીપ રાવલ
વોટસ અપ કોલીગ નંબર : ૯૮૨૪૬૫૩૦૭૩
www.janfariyadnews.com

---

NOG SS No :0022
વિષય : સથવારો
વિભાગ : ગદ્ય
શિર્ષક : સાથ તારો મારો
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

દિનેશે રડી રહેલી વિણા સામે જોયું અને કહ્યું,"ગાંડી, રડે છે શું કામ હું તો આ રહ્યો તારી સામે. અત્યારે દેહ ભલે આંગણામાં હોય પણ હું તો તારી સાથે જ છું. તારો મારો સાથ ફક્ત અત્યાર પૂરતો નહીં પણ જન્મોજનમનો છે. સાથે જીવ્યા છીએ અને તેના દરબારમાં પણ સાથે જ જઈશું. ફરી જો અવતરવાનું હશે તો સાથે જ આવીશું."

પહેલા વિણાને લાગ્યું કે ભ્રમ થયો છે પણ પછી ઉપર જોયું તો પોતાના પતિ દિનેશના દર્શન થયા.તે વિચારવા લાગી કે આ કઈ રીતે શક્ય છે? તેમનો દેહ તો અત્યારે ઠાઠડીમાં બંધાયેલો છે.

પૂર્ણ ઘર લોકોથી ભરાયેલું હતું અને ઘરમાં રોક્કળ શરું (શરૂ)હતી. આમ તો દિનેશની જવાની ઉંમર ન હતી પણ આયુષ્યની ડોર તો ઈશ્વરનાં હાથમાં હતી જે તેણે નિર્દયતાથી કાપી દીધી હતી.

ફક્ત વિણા જ તેને? જોઈ શકતી હતી. દિનેશે તેને ઈશારો કર્યો કે ચાલ મારી સાથે પણ વિણાએ નકારમાં માથું ધુણાવ્યું. દિનેશ દુઃખી થઈને હવામાં તરવા લાગ્યો, વિચારવા લાગ્યો કે શું મારો પ્રેમ ઓછો પડ્યો? શું વિણા જનમોજનમનો વાયદો વિસરી ગઈ.

તેણે હજી થોડા દિવસ ત્યાં જ રહેવાનું હતું. તે કોણ રડે છે અને કોણ નાટક કરે છે તે જોઈ રહ્યો. તે પોતાની ઠાઠડી સાથે સિધ્ધપુર જઈ આવ્યો અને શાંતિથી પોતાના દેહને અપાતો અગ્નિદાહ જોઈ આવ્યો.? ઈચ્છા થઈ કે પુત્રના ખભે હાથ મૂકી સાંત્વના આપે અને કહે,"બેટા, દુઃખ ન કરીશ જીવન ક્ષણભંગુર છે. હવે તું તારી જવાબદારી સારી રીતે ઉપાડજે, તારી માતાની કાળજી રાખજે." પણ તે જાણતો હતો કે દીકરા સુધી આ વાત નહીં પહોંચે.

તે તરતો ઘરે આવ્યો. ઘરમાં એકાંત થયા પછી વિણાએ તેની સામે જોયું અને કહ્યું,"નાથ, તમે મારા વિશે ભલે ગમે તે વિચાર્યું હોય, પણ હું પત્ની હોવાની સાથે એક મા પણ છું. આવા કઠણ સમયમાં તરત તમારી સાથે નહીં આવું. તમારી બધી વિધીઓ સારી રીતે પાર પાડીને તમારી સાથે આવીશ." દિનેશના ચહેરા ઉપર સ્મિત આવી ગયું.

અગિયારમા અને બારમાની વિધિ સારી રીતે પાર પાડી અને તેરમાના દિવસે વિણા તેમની સાથે નીકળી પડી, તેની પાછળ શું વિધિ થાય છે, તે જોવા પણ ઊભી ન રહી.
(આશા છે મારા માતાપિતા અને ઈશ્વર મને તેમનાં નામ આ રીતે એકવચનમાં લખવા માટે માફ કરશે. આ સત્યઘટના છે અને પિતાના તેરમાના દિવસે માતાએ વગર કોઈ બિમારીએ પ્રાણ છોડ્યા હતા.)

---

NOG સાહિત્ય સરિતા (૧)
NOG SS No : 00 59
વિભાગ :- ગદ્ય
શબ્દ :- 'સથવારો
શીર્ષક :- જીવન સાથી

સથવારો, ફક્ત ચાર અક્ષરનો શબ્દ, પણ અનેક ગૂઢાર્થ સમજાવે, જે સમજવા માનવજાતને અનેક જન્મારા પણ ઓછા પડે છે.
પ્રબળ પૂન્યોદયે મળેલાં માનવ જીવનમાં સથવારો, સમજોને પડછાયો બનીને રહેછે.
હા, ડગલે ને પગલે તેનાં રૂપ રંગ હાવ ભાવ અલગ અલગ સ્વરૂપે આપણાં જીવનમાં તે મહત્વનું યોગદાન આપવાં, હાજરી પુરાવવાં હાજરા હજુર જ છે.પરિભાષા બદલે, પણ માનવ જીવનમાં તેની મહેનતનાં પૂરાવા જોઈએ.
જન્મ ધારણ કર્યો એટલે માતા પિતાના સ્વરુપમાં, સથવારો. પુર્વ ભાવના શૂભ-અશુભ કર્મો ભોગવવાના એટલે કર્મોનો સથવારો.
જરા મોટા થયાં એટલે પરિવારજનો નો સથવારો.
થોડા મોટા થયા એટલે પડોશી, શેરીમિત્રોનો સથવારો.
સ્કૂલ- કોલેજમાં ગૂરૂજનો સાથે નવા મિત્રોનો સથવારો.
નોકરી- વ્યાપારમાં શેઠ- ગ્રાહકનો સથવારો.
લગ્નજીવનમાં ધર્મપત્નીનો જીવનભરનો સથવારો.
પૂત્ર- પૂત્રી, પુત્રવધૂ સાથે પારિવારિક સંબંધોનો સથવારો.
★ધર્મ સ્થાનકમા ગૂરૂજનો સાથે સત્સંગીઓ સથવારો.
સમજો સથવારા વગરના જીવનની કલ્પના અસંભવ.
જીવનમાં સારો સથવારો ઉત્તમ સાર્થીનું કામ કરેછે.
ભાઈ સથવારે સથવારે છે ફેર
પ્યારે'એક સજાવે,એક ઉજાડે.
સથવારે સથવારે વિકાશ થાય
સારા સથવારે,માનવભવ તરાય.
જયકાન્ત એસ ઘેલાણી 'પ્યારે'.

---

NOG SS No : 0078
પ્રકાર - ગદ્ય
વિષય - સથવારો

જિંદગીમાં રાહ કેવી છે તેનો ફર્ક પડે છે જરૂર પણ; સાથે સથવારો કેવો છે તેનો ખૂબ જ ફરક પડે છે.
ઉબડખાબડ રસ્તાઓ પણ હસી ખુશીથી આસાનીથી પસાર થઈ જશે જો, સથવારો એવો હશે કે તમારા કદમથી કદમ મિલાવીને ચાલે.
નાની - મોટી તકલીફો તો આવશે જ જિંદગીમાં પણ, તે તકલીફોનો અહેસાસ જ નહીં થાય જો સથવારો એવો હશે કે તમારો હાથ તેના હાથમાં લઈ સહકાર આપે.
ચાલતાં ચાલતાં ક્યારેક કાંકરાં પણ ખૂંચે પગમાં, ચ્રપલમાં કાંટાએ ફસાય પણ તોય,
ચાલવામાં સરળતા રહેશે જો સથવારો એવો હશે જેને તમારા દર્દનો અને લાગણીનો અહેસાસ હોય.
જોયાં છે ક્યારેક! ભર તડકે સાઈકલ પર ડબલ સવારી છતાં હસતાં હસતાં જતાં યુગલો?
ખૂબ જ ગરમીમાં એ ઢાળવાળા રસ્તામાં ખેંચીને ભાર પોતાની અર્ધાંગિનીનો! તકલીફ શરીરને પડે પણ મનને કોઇ ભાર નહીં, અને બીજી તરફ એસી ગાડીમાં મનને ભાર આપી પરાણે સાથે જતાં યુગલો.
ગરમીમાંય શીતળતાનો અહેસાસ અને એ.સી. ગાડીમાં મનને દઝાડતી ગરમી!
બગીચામાં જમીન, પાણી અને હવામાનની અસર થાય છે જ પણ તેનો માળી કેવો છે તેનો ખૂબ જ ફરક પડે છે. માળી એવો હશે કે ક્યારેક ઉજ્જડ જમીનને પણ હરિયાળીથી ભરી દે તો ક્યારેક રંગબિરંગી સ્વપ્ન રૂપી ફૂલોથી ભરપૂર મનરૂપી લીલોછમ બગીચો કરમાઈ જશે.
જિંદગીમાં રાહ કેવી છે તેનો ફર્ક પડે છે જરૂર પણ , સાથે સથવારો કેવો છે તેનો ખૂબ જ ફર્ક પડે છે.
શ્વેતા તલાટી

---

NOG SS No : 0027
પ્રકાર :- લેખ
શબ્દ :- સથવારો
શીર્ષક :- પપ્પાની પ્રીત

આ કાળમુખો કોરોના અમને નોંધારાં કરી ગયો,
મા વગરનાં ભાઈ-બહેનની છત્રછાયા છીનવી ગયો.
પપ્પા.. બચપણમાં જેમની આંગળી પકડીને ચાલતાં શીખી એમની આંગળી આજે કાયમને માટે છૂટી ગઈ. કહેવાય છે કે,"દીકરીને સૌથી વધારે લગાવ પોતાના પપ્પા સાથે હોય છે" કિશોરી બનતાં પહેલાં આંખમાં ઘણાં કુતૂહલ હોય છે. આમ કેમ ? આવું કેમ ? વગેરે વિસ્મય ઊભા થાય છે ને એનો જવાબ પપ્પા પાસે જ મળે છે. મારા પપ્પા શિક્ષક હતા. તેથી શિક્ષણ પ્રત્યેની ગજબની લાગણી બચપણથી જ મારાં લોહીમાં હતી. હજુ તો ગઈકાલે પપ્પાની તબિયત વિશે પૂછ્યુંને ,હોસ્પિટલનો પોઝીટીવ રિપ્લાય (ઉત્તર)સાંભળતાં હરખ થયેલો પણ, આજે સવારે સમાચાર મળ્યા કે પપ્પા હવે આ દુનિયામાં નથી ત્યારે આંખો આંસુઓનો સમંદર બની ગઈ. પપ્પા આપણાં પ્રથમ દોસ્ત હોય છે. પપ્પા આપણાં પ્રથમ હીરો હોય છે. આપણે એવું માનીએ છીએ કે પપ્પા પાસે દુનિયાની દરેક સમસ્યાનો ઉકેલ હોય જ. આપણે પપ્પાની નજરે આ જગતને નિહાળીએ છીએ.પપ્પાએ મને સ્વાવલંબી બનવાનો માર્ગ ચીંધ્યો.આજે પપ્પાએ વિદાય લીધી ને એવું લાગ્યું કે આ પૃથ્વી પરની સૌથી મોટી છત્રછાયા ગુમાવી દીધી. પપ્પા પાસે બેસવું હતું. ઘણી વાતો કરવી હતી. કોરોના નામની મહામારીએ એ બધાં શમણાં છીનવી લીધાં. પણ, પપ્પા,તમે હંમેશાં રહેશો મારી સાથે...ભલે તમારો દેહથી સથવારો છૂટી ગયો.Miss you papa...
જ્યોતિ આચાર્ય.....અમદાવાદ

---

NOG SS. No. 0029
વિભાગ : ગદ્ય
શબ્દ: સથવારો
વાર્તા શીર્ષક : "વી.આર.એસ."

"વી.આર.એસ."
માનસીના હસ્તાક્ષરમાં એક પોતાના નામે ને બીજું એની ઓફિસના સરનામે લખાયેલ બે કવર સામે મનન આશ્ચર્ય અને આઘાતથી જોઇ રહ્યો હતો.
"તને કોલેજકાળમાં પ્રેમ કર્યો ત્યારે તારા સથવારે જિંદગીને સામે વહેણે પણ તરીને પાર ઉતરી જવાશે એમ હતું. પણ તને સાથનો અર્થ હંમેશાં જીવનસાથી પર હાવી થવું એ જ સમજાયો. તારી મર્દાનગી વગરની દાદાગીરી માટે તને પાઠ ભણાવવા તારી જિંદગીમાંથી અને તારા દ્વારા મળેલી નોકરીમાંથી વી.આર.એસ. લઉં છું."
મનનને પોતાનો માત્ર પુરુષ હોવાનો અધિકાર જતાવવા માટે પોતાનાથી વધુ હોંશિયાર હોવા છતાં માનસી પર કરાયેલા શારિરીક-માનસિક અત્યાચાર યાદ આવ્યા. છેલ્લા વાક્યને વાંચીને મનનને જિંદગીએ આજે સથવારાનો સાચો અર્થ સમજાવી દીધાનું મહેસુસ થયું.
"ઓફિસનું કવર પહોંચાડી દેજે."
માનસીએ જિંદગીભર વેઠેલી બધી વેદના એક વારના હુકમમાં ઠાલવી દીધી હતી.
લીના વછરાજાની






સોનીપત જિલ્લાના કુંડલી બોર્ડર ઉપર ધરણા પર બેઠેલા બરોદા ગામ ના અજય પુત્ર ઈશ્વર નું ઠંડીના કારણે હાર્ટ એટેકથી ખેડૂત આંદોલન દરમિયાન મોત થયું.



ગત રાત્રે ૧૦.૩૦ વાગ્યે કોઇપણ જાતના કારણ વિના સરકારે ગાંધીનગર મહાનગર પાલિકાના વિરોધપક્ષ નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, કોર્પોરેટર શ્રી ચીમનભાઈ વિંઝુડા અકિંત બારોટ, જયરાજસિંહ વાઘેલા સહિત ની અટકાયત કરી હાલ સુધી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે જગતતાત ને સમર્થન આપવુ હવે ગુન્હો બને છે? શુ હવે ભારત દેશ મા હવે અભિવ્યક્તિ ની આઝાદી રહી નથી?
શુ ભારત દેશ માં હવે ખેડુતો ના હામી થવુ ગુનાખોરી છે? અન્નદાતા ના સમર્થન મા અમને થતા અત્યાચારો સહન કરવા કોંગ્રેસ પક્ષ તૈયાર છે અમારા વડીલો અંગ્રેજો સામે લડ્યા હતા..

## ભારત બંધમાં ગુજરાતમાં કોંગ્રેસે ટાયરો સળગાવ્યા, ખેડૂત સમર્થનમાં નારા લાગ્યા

વડોદરા,તા.૮

ખેડૂતોના ભારત બંધના આહવાન સામે આજે ગુજરાતમાં નહિવત અસર જોવા મળી છે. ક્યાંક માર્કેટ બંધ રહ્યાં છે, પરંત ગુજરાતનું જનજીવન રાબેતામુજબ ધબકી રહ્યું છે. આ વચ્ચે ક્યાંક વિરોધ પ્રદર્શનો જોવા મળ્યાં છે. વડોદરા નેશનલ હાઈવે, અમદાવાદ માળીયા સ્ટેટ હાઈવે પર સાણંદ પાસે અને ભરૂચ-દહેજ હાઈવે પર બંધને સમર્થન આપીને ટાયર સળગાવાયા છે.

ભરૂચમાં ભારત બંધના પગલે દહેજ રોડ પર ટાયરો સળગાવી ચક્કાજામ કરાયો હતો. જેથી વાહનોની લાંબી કતારો લાગી હતી. તો બીજી તરફ, વડોદરા શહેર કોંગ્રેસે નેશનલ હાઈવે ૮ પર ટાયર સળગાવ્યા છે. જાંબુવાથી તરસાલી હાઈવે પર ટાયર સળગાવી ચક્કાજામ કરાયો હતો. હાઈવે પર ખેડૂત સમર્થનમાં નારા લગાવવામાં આવ્યા. ભારત બંધના પગલે કોંગ્રેસનો આક્રમક કાર્યક્રમ કર્યા, તો બીજી તરફ વડોદરા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી. નેશનલ હાઈવે પર ટાયર સળગાવાની ઘટનાને પગલે વડોદરા પોલીસ એલર્ટ થઈ ગઈ છે. વડોદરા શહેરને ફરતે હાઈવે પર ભારત બંધના એલાનના પગલે વડોદરા પોલીસ એલર્ટ થઈ ગઈ છે. શહેર ફરતે તમામ ચાર રસ્તા પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. દુમાડ ચોકડી પર પોલીસ સ્ટેન્ડબાય મોડમાં આવી ગઈ છે. મહિલા પોલીસ સહિતનો કાફલો તૈનાત કરી દેવાયો છે. આંદોલનકારીઓ આવે તો ડિટેઈન માટે ડબ્બો પણ તૈયાર રખાયો છે. સાબરકાંઠાના પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા પર શાકભાજી ફેંકીને વિરોધ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. ૪૦ કોંગ્રસ કાર્યકરો અને ખેડૂતોની અટકાયત કરવામાં આવી.

ખેડૂતો અને કોંગ્રસ કાર્યકરો દ્વારા હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે પર વિરોધ પ્રદર્શન કરતા અટકાયત કરાઈ છે. પ્રદર્શનકારીઓએ શાકભાજી નેશનલ હાઈવે પર ફેંકી હાઈવે બ્લોક કરી દીધો હતો. કચ્છના ભૂજોડી ફાટક પાસે કોંગ્રેસ દ્વારા રસ્તા રોકો આંદોલન કરાયું. સાથે જ ટાયર સળગાવવામાં આવ્યા હતા. પોલીસ અને કાર્યકર્તા વચ્ચે હુંસાતુંસી થઈ હતી. તો સાથે જ કોંગ્રેસ કાર્યકર્તાઓની ટિંગાટોળી કરીને અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસ પ્રમુખ શૈલેન્દ્રસિંહ જાડેજા, તાલુકા પંચાયત વિરોધપક્ષ નેતા રાજેશ આહીર, પ્રવક્તા દિપક ડાંગર સહિતના લોકોની અટકાયત કરાઈ.

### નેશનલ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટરના અહેવાલ મુજબ

## રાજ્યમાં સરકારી ડોક્ટરોને રોજના ૫૪ દર્દીઓ પડે છે તપાસવા

અમદાવાદ,તા.૮

કોરોના મહામારીના સમયમાં ડોક્ટર્સએ ચોક્કસપણે દિવસરાત જોયા વગર કામ કર્યે રાખ્યું છે પરંતુ આજે આપણે વાત ફક્ત મહામારી માટે નથી કરવાની તેની પહેલા પણ ગુજરાતમાં સરકારી હોસ્પિટલ્સની ઓપીડીની હાલત કંઈ વધુ સારી નહોતી. નેશનલ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટરના અહેવાલ મુજબ ગુજરાતમાં સરકારી હોસ્પિટલની ઓપીડીમાં દરેક ડોક્ટરે આખા દિવસમાં ૫૪ જેટલા દર્દીઓને તપાસવા અને સારવાર કરતી પડતી હતી. જોકે તમને જણાવી દઈએ કે આ આંકડો ભારતના અન્ય રાજ્યોની સરખામણીએ કંઈ વધુ નથી. તાજેતરમાં એનએચએસઆરસી દ્વારા પબ્લિશ કરવામાં આવેલ અહેવાલ 'હ્યુમન રિસોર્સ ફોર હેલ્થ ઈન ડિસ્ટ્રિક્ટ પબ્લિક હેલ્થ સિસ્ટમ ઓફ ઈન્ડિયાઃ સ્ટેટવાઈઝ રિપોર્ટ ૨૦૨૦' મુજબ સામે આવેલા આંકડા કહે છે કે દેશમાં દર્દી અને ડોક્ટરની સંખ્યાની દ્રષ્ટીએ ગુજરાત સાતમુ રાજ્ય છે જ્યાં સૌથી ઓછા ડોક્ટર સામે વધુ દર્દીઓ છે. જ્યારે સૌથી વધુ દૈનિક સરેરાશ કેરળમાં છે જ્યાં સરકારી હોસ્પિટલોમાં પ્રતિ ડોક્ટર દરરોજ ૮૯ દર્દીઓ ઓપીડીમાં આવે છે. આ રિપોર્ટ ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા ડેટાના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો. અહેવાલમાં તબીબી ક્ષેત્રમાં ઉચ્ચ ખાલી જગ્યા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં નિષ્ણાતો માટે ૫૪ ટકા ખાલી જગ્યા (નિયમિત અને કરારી બંને પદોમાં), નર્સો માટે ૯ ટકા અને એએમ (સહાયક નર્સ મિડવાઈફ)માં ૨૭ ટકા નો સમાવેશ થાય છે. બીજી તરફ, મંજૂર થયેલી જગ્યાઓ સામે ગુજરાતમાં ડેન્ટિસ્ટ્રીમાં ૩ ટકા, લેબમાં ૧૩ ટકા અને એમબીબીએસ/ મેડિકલ ઓફિસર સ્તરે ૧૫ ટકા વધારાના કર્મચારીઓ હતા. નિષ્ણાતોમાં ૨૨ ટકા નિયમિત પણે ભરતી કરવામાં આવતા હતા અને ૬ ટકા કોન્ટ્રાક્ટ પર હતા, જ્યારે પ્રયોગશાળાઓમાં ૩૩ ટકા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ પર હતા. નર્સોમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા લોકોમાં ૧૨ ટકા હતા. આશ્ચર્યની વાત એ છે કે એમબીબીએસ/એમઓની અછત શહેરી સ્તરે વધારે હતી.

## તંત્રની રજૂઆત છતાં દહેગામ શહેરમાં લોકો કોરોનાને ભૂલ્યા, નિયમો મુકાયા નેવે

*દહેગામ,તા.૮*

કોરોના વાયરસનું સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે ત્યારે હવે આ સંક્રમણ વધારે ફેલાય નહિ અને રાજયની પ્રજાને આ વાયરસનો સામનો ન કરવો પડે તે માટે તંત્ર અને પોલીસ એક્શન મોડમાં કામ કરી રહ્યા છે ત્યારે આ કોરોના મહામારીની અસરથી આખું વિશ્વ પીડાઈ રહ્યું છે અને તંત્ર દ્વારા લોકોને આ વાયરસ સામે સાવચેતી રાખવા માટે વારંવાર સમજાવવામાં આવી રહ્યું છે પણ ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં આખું ચિત્ર ઉંધું જોવા મળી રહ્યું છે. દહેગામ તંત્ર અને પોલીસ લોકોને કોરોના અવેરનેસ માટે સમજાવી રહ્યું છે, કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા માટે સમજાવવામાં આવી રહ્યું છે પણ અહી ચિત્ર જોઈને એવું લાગી રહ્યું છે કે જાણે કોરોના અટકાવવાની જવાબદારી માત્ર તંત્રની છે પ્રજાને કશું જ નહિ. જાણે કે કોરોના વાયરસે વિદાય લઈ લીધી હોય એ રીતે દહેગામ શહેરમાં દ્રશ્યો જોવા મળ્યા છે.

દહેગામ શાક માર્કેટ રોડ પર આ કોરોના જેવી મહામારીમાં લોકોની બેદરકારી સામે આવી છે. અહી લોકો ન તો સરખી રીતે માસ્ક પહેરે છે કે ન કોરોના ગાઈડલાઈનનું પાલન જોવા મળી રહ્યું છે. આ મહામારીમાં કોરોના વાયરસ સામે સાવચેતી એજ હાલ એક ઉપાય છે પણ લોકો કોરોના સામે માસ્ક તથા કોરોના ગાઈડલાઈન જેવી સાવચેતીનું ધ્યાન નથી રાખી રહ્યા જે આપણે જોઈ શકીએ છીએ. તંત્રની વારંવાર રજુઆતો, જાહેરાતો બાદ પણ પ્રજાની આવી બેદરકારી કોરોના વિસ્ફોટ ને નોંતરે છે. હવે જોવાનું એ રહ્યું કે તંત્ર અને પોલીસ તો લોકોને કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા માટે કહે છે પણ હવે લોકો પોતાના સ્વાસ્થયની કેટલી ચિંતા કરે છે અને આ નિયમોનું પાલન કરે છે.

## ગુજરાત સરકારના સૌથી મોટા ડ્રીમ પ્રોજેક્ટ કલ્પસરમાં મોટાભાગના અભ્યાસો પૂર્ણ

ખંભાત,તા.૮

ગુજરાત રાજયની સ્થાપના પછીના ગુજરાત સરકારના સૌથી મોટા ડ્રીમ પ્રોજેક્ટ કલ્પસરમાં મોટાભાગના અભ્યાસો પૂર્ણ થઈ ગયા છે અને હવે રાજ્ય સરકાર કેન્દ્રીય અર્થ સાયન્સિસ મંત્રાલય હેઠળની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશન ટેક્નોલોજી – એનઆઈઓટીને ડિટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ ડીપીઆર બનાવવાનું કામ સોંપી રહી છે, જે આવ્યા બાદ રાજ્ય સરકાર આ પ્રોજેક્ટમાં નક્કર કામગીરી શરૂ કરવાનો ઈરાદે ધરાવે છે. આ સૂચિત મહાકાય પ્રોજેક્ટ અંતર્ગત ખંભાતના અખાતમાં ભાવનગર અને દહેજ વચ્ચે ૩૦ કિલોમીટરનો વિશ્વનો સૌથી લાંબો ડેમ બનશે. આ સમગ્ર યોજના પાછળ રૂ. ૯૨ હજાર કરોડથી વધુ ખર્ચ થવાનો અંદાજ છે.

રાજયના જળસંપત્તિ ક્ષેત્રના મુખ્યમંત્રીના સલાહકાર બાબુભાઈ નવલાવાલાના જણાવ્યા પ્રમાણે, 'કલ્પસર યોજનામાં કુલ ૩૩ અભ્યાસ અહેવાલો પૈકી ૨૮ પૂર્ણ થઈ ગયા છે અને બાકીના પાંચ પણ હવે પૂરા થવાને આરે છે, એટલે એનઆઈઓટીને ડીપીઆર માટે એપ્રોચ કરાયો છે, એની પાસેથી દરખાસ્ત આવ્યા બાદ ડીપીઆરનું કામ તેના દ્વારા શરૂ થશે અને એ રિપોર્ટ આવ્યા પછી પ્રોજેક્ટની કામગીરી શરૂ કરાશે.' અભ્યાસ રિપોર્ટ્સ તૈયાર કરવા પાછળ અત્યાર સુધી આશરે રૂ. ૧૫૦ કરોડ ખર્ચાયા હોવાનું કલ્પસર પ્રભાગ તરફથી જણાવાઈ રહ્યું છે, જોકે કેશુભાઈ પટેલ શાસનમાં પ્રોજેક્ટને નામે ખર્ચાયેલા અબજો રૂપિયા, આમા ગણતરીમાં લેવાયા નથી.

આ સૂચિત પ્રોજેક્ટથી સર્જાનારી પર્યાવરણીય અસરો અંગે પૂછતાં બી.એન. નવલાવાલા કહે છે કે, '૨૦૦૫ના અરસામાં પર્યાવરણીય અસરો અંગે પ્રાથમિક રિપોર્ટ તૈયાર થયેલો પણ એ ૧૫ વર્ષ જૂનો હોઈ અત્યારે એનું કોઈ મહત્ત્વ રહ્યું નથી, હવે જે ડીપીઆર તૈયાર થશે, એમાં એન્વાયરનમેન્ટલ ઈમ્પેક્ટની બાબતો આવશે ત્યારે બધી ખબર પડશે.' સન ૧૯૯૫થી કાગળ ઉપર ચાલતી આ સ્વપ્નસમી યોજનામાં અભ્યાસો પૂર્ણ થતાં, મોટેભાગે ૨૦૨૧-૨૨ના રાજ્ય સરકારના બજેટમાં આ પ્રોજેક્ટ માટે મોટાપાયે નાણાકીય આયોજન થાય તેવી શક્યતા છે.

**પ્રોજેક્ટનાં મહત્ત્વનાં પાસાં**

ખંભાતના અખાતમાં ભાવનગર અને દહેજ વચ્ચે ૩૦ કિમીનો ડેમ બનશે.

ડેમની ઊંચાઈ મહત્તમ ઊંચાઈ ૫ મીટર રહેશે.

જળાશયમાં ૭૭,૭૦૦ લાખ ઘનમીટર મીઠું પાણી ઉપલબ્ધ થશે, જેમાંથી ૫૬,૦૦૦ લાખ ઘનમીટર પાણી સિંચાઈ માટે ખેડૂતોને, ૮,૦૦૦ લાખ ઘનમીટર પાણી ઘરવપરાશ માટે તથા ૪,૭૦૦ લાખ ઘનમીટર જથ્થો ઉદ્યોગોને આપવાનું આયોજન.

સિંચાઈથી ૧૦ લાખ ૫૪ હજાર હેક્ટર જમીન નવસાધ્ય થવાનો અંદાજ.

વિવિધ સ્થળોએ પાણી લિફ્ટ કરવા માટે વર્ષે ૭૦૦ મેગાવોટ વીજળીની જરૂર પડશે, જેના માટે ૧૩ પમ્પિંગ સ્ટેશન બનાવવાનું આયોજન.

### ગુજરાતમાં ભારત બંધ નિષ્ફળ જતા મુખ્યમંત્રીએ ખેડૂતોનો માન્યો આભાર

# રાહુલ ગાંધીને કોથમીર-મેથીનો ફર્ક પણ ખબર નથી: સીએમ રૂપાણી



મહેસાણા,તા.૮

મહેસાણા જિલ્લાની પાણી પુરવઠાની રૂપિયા ૨૮૭ કરોડની ૬ યોજનાનું મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે આજે ખાતમૂહર્ત કરાયું હતું. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા સહિત સાંસદો અને ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. નર્મદા મુખ્ય નહેર અને ધરોઈ ડેમ આધારિત ૬ યોજના પૂર્ણ થવાથી જિલ્લાના ૩ શહેર અને સતલાસણા, વિસનગર, વડનગર અને ખેરાલુ તાલુકાના ૨૧૪ ગામોની ૭.૯૧ લાખ વસ્તીને પીવાના પાણીનો લાભ મળશે. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા મહેસાણા જિલ્લાની ૬ પાણી પુરવઠાની મુખ્યમંત્રી અને પાણી પુરવઠા મંત્રીની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્તના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. વિસનગર તાલુકાના ૫૪ ગામો અને ૩ શહેર મહેસાણા, વિસનગર અને ઉંઝા શહેર માટે નર્મદા નહેર પર મોઢેરા ઓફટેટ આધારિત જૂથ પાણી યોજના અંતર્ગત ફેઝ-૧, ફેઝ-૨ અને ફેઝ-૩નું ખાતમૂહર્ત કરવામાં આવ્યું છે. સીએમના હસ્તે મહેસાણામાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત આજે કરવામાં આવ્યું હતું તે પ્રસંગે રૂપાણીએ પોતાનું નિવેદન આપ્યું હતું.

ગુજરાતમાં ખેડૂતોના સમર્થનમાં આપવામાં આવેલા ભારત બંધની નહીવત અસર જોવા મળી રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહેસાણામાં વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમૂહુર્ત દરમિયાન ભારત બંધ વિશે વાત કરી હતી. સીએમ રૂપાણીએ કહ્યુ કે ગુજરાતમાં બંધ નિષ્ફળ ગયો છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યુ કે મે ગઈ કાલે જ કહ્યુ હતું. રૂપાણીએ કહ્યુ કે, બંધનું આહવાન નિષ્ફળ ગયુ છે કારણ કે આ ખેડૂતોની ભલાઈ વિરૂદ્ધ છે. સીએમ રૂપાણીએ ગુજરાતના લોકો, ખાસ કરીને ખેડૂતોને ભારત બંધમાં સામેલ ના થવા માટે આભાર માન્યો હતો.

સીએમ રૂપાણીએ જણાવ્યું હતું કે, મહેસાણામાં પાણી પુરવઠાની રૂ.૨૮૭ કરોડની યોજનાનું ખાતમુહૂર્ત આજે કરવામાં આવ્યું છે. જેમાં બહુચરાજીમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવાશે. ૮૦ – ૯૦નો દાયકો ગુજરાતે ખરાબ રીતે વીતાવ્યો છે. પરંતુ હવે ગુજરાતના નાગરિકોને ઘરે – ઘરે પીવાનું શુદ્ધ પાણી પહોંચાડાશે. સીએમ ઉમેર્યું હતું કે, મહેસાણા જિલ્લામાં આજે પણ માથાદીઠ ૧૫૦ લીટર પાણી આપીએ છીએ. સૌરાષ્ટ્રમાં ટ્રેનથી પાણી લાવવું પડતું હતું. પરંતુ ઉત્તર ગુજરાતના લોકો ભાગ્યશાળી છે. સીએમે કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું કે કોંગ્રેસની સરકારમાં તીજોરીમાં કાંણા હતા. પરંતુ ભાજપ સરકારે લોકો માટે ૨.૧૦ લાખ કરોડનું બજેટ રજૂ કર્યુ. પહેલા કોઈ યોજના પુરી નહોતી થતી. પરંતુ અમે નેવાના પાણી મોભે ચડાવ્યા છે.

અમારી સરકાર પીડિત, શોષિત, વંચિત, ખેડૂતોની છે. વોટર સરપલ્સ ગુજરાત બનાવવાની નેમ ભાજપ સરકારે લીધી છે. એટલું જ નહીં, આજના ભારત બંધના એલાનને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે, ત્યારે CM રૂપાણીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ખોટા આંદોલન કરી વિપક્ષ ખેડૂતો અને નાગરિકોને ભડકાવવા નીકળ્યો છે.




૮.૧૨.૨૦ ના રોજ અમદાવાદ શહેરના ખાડીયા પોલીસ દ્વારા બંધના એલાનમાં અનુસંધાનમાં ઘરેથી ધરપકડ કરવામાં આવી અમદાવાદ શહેરના ઉપપ્રમુખ રાકેશભાઈ પંચાલ ખાડિયા વોર્ડ પ્રમુખ અલ્પેશ ભાઈ ઠક્કર ઓબીસી સેલ પ્રમુખ વિજય ઠાકોર પૂર્વ પ્રમુખ jignesh raval ખાડિયા વોર્ડ ઉપપ્રમુખ હિતેશ પટેલ ધરપકડ કરવામાં આવી ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ



રાજકોટ વોર્ડ ૨ ના પ્રમુખ કૃષ્ણદત્ત ભાઈ રાવલ તેમજ અન્ય કોંગ્રેસ મહામંત્રી.કાર્યકરો ની દુકાનો બંધ કરાવતા ધરપકડ કરવામાં આવી

# કાંકરેજ તાલુકાની જનતાએ ભારત બંધમાં ખેડૂતોના હિતમાં સજજડ બંધ રાખી સમર્થન આપ્યું



દેશમાં ભ્રષ્ટાચાર, કાળઝાળ મોઘવારી,બેકારી બેફામ વધી રહી છે સુશાસનની આશાએ મૌન બેઠેલી પ્રજા નોવેલ કોરોના કોવિડ-૧૯ના વાયરસમાં ખાનગી-સરકારી દવાખાના હોસ્પિટલોમાં આર્થિક રીતે લૂંટાઇ રહી છે છતાં કોઇ સાંભળનાર નથી જેનો આક્રોશ ગઈકાલે ખેડૂતોના ભારત બંધના એલાનમાં પ્રતિકાત્મકરૂપ કેટલાય વિસ્તારમાં જોવા મળ્યો,બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના થરા શિહોરી સહીતના નગરમાં ખેડૂત હિતરક્ષક સમિતિએ કરેલ બંધની વિનંતીથી શાકભાજી ચાના લારી-ગલ્લાથી માંડી નાના મોટા વહેપારીઓ, ધંધા-રોજગાર બંધ રાખીને ખેડૂત સંગઠનોએ આપેલ ભારત બંધ એલાનમાં શાંતિ પૂર્વક જોડાઈ પોતાનું સમર્થન જાહેર કરેલ.થરા કરીયાણા એસોસિયેશને ભારત બંધના એલાનના બાબતે વેપારીઓને એસ. એમ. એસ. કરી વેપાર-ધંધો બંધ રાખવા જણાવ્યું હતું જેથી સવારથી જ દુકાનોના શટરો-બારણા ખુલ્યાં ન હતાં. થરા માર્કેટયાર્ડ બેકોન, સરકારી ઓફિસો રાબેતા મુજબ ચાલુ રહયાં હતા. થરા પી. એસ.આઈ.એમ.બી.દેવડા તથા પોલીસ હોમગાર્ડ જવાનો સતત પેટ્રોલિંગ કરતા રહયા હતા.લોકો સતત વધતી મોઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારીથી વધુ ત્રાહિમામ હોવાનો આક્રોશ સાંભળવા મળતો હતો.કેન્દ્ર-રાજય સરકારના ભાજપ- કોગ્રેસના ચૂંટાયેલા લોકસેવકો પ્રજાની સાચી મુશ્કેલીઓ સમજે એ જ આજના બંધના સમર્થન પાછળનું રહસ્ય લાગ્યું. (રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

### પેટ્રોલ બાદ ગેસ સિલિન્ડરની કિંમતમાં ભડકો

# અમદાવાદમાં પેટ્રોલ ૮૧ને પાર: ગેસ સિલિન્ડરની કિંમત વધીને ૬૪૪એ પહોંચી



*ગાંધીનગર,તા.૮*

આ મહિને રાંધણ ગેસના સિલિન્ડરના ભાવમાં ૫૦ રુપિયાનો વધારો થયો છે. જોકે, આ ભાવવધારાને સરભર કરવા માટે ગ્રાહકોને સરકાર સબસિડી આપશે કે કેમ તે હજુય સ્પષ્ટ નથી. ડિસેમ્બરમાં સિલિન્ડરનો ભાવ અમદાવાદમાં વધીને ૬૪૪ રુપિયા થયો છે.

બીજી તરફ, મે મહિનાથી રાંધણ ગેસનો સિલિન્ડર લેનારા લોકોને કોઈ સબસિડી પણ નથી મળી. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ગેસ અને ક્રુડની કિંમતમાં કડાકો બોલાતા ઘરઆંગણે પણ તેના ભાવ ઘટ્યા હતા કે પછી સ્થિર રહ્યા હતા. માર્કેટ રેટ અને સબસિડાઈઝ્ડ રેટ સમાન થઈ જતાં ગ્રાહકોને સબસિડી ચૂકવવાનું પણ બંધ કરી દેવાયું હતું.

ગયા વર્ષે જૂન મહિનામાં દિલ્હીમાં સબસિડાઈઝ્ડ ગેસ સિલિન્ડરની કિંમત ૪૯૭ રુપિયા હતી. જોકે, ત્યારથી લઈને અત્યારસુધી તેની કિંમત ૧૪૭ રુપિયા વધી ચૂકી છે. જુન ૨૦૧૯માં દિલ્હીમાં ગ્રાહકોને સિલિન્ડર દીઠ ૨૪૦ રુપિયા સબસિડી ચૂકવાતી હતી.

સરકારી માલિકીની ઓઈલ કંપનીના સૂત્રોનું માનીએ તો ડિસેમ્બર મહિનામાં સિલિન્ડર ખરીદનારા લોકોને સબસિડી મળશે કે કેમ તે અંગે સરકારે કંપનીઓને હજુ સુધી કોઈ સૂચના આપી નથી.

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં કેન્દ્ર સરકારે ગેસ સિલિન્ડર પર સબસિડી પેટે રુ. ૨૨,૬૩૫ કરોડ રૂપિયાની ચૂકવણી કરી હતી. ૨૦૧૮-૧૯માં આ રકમ ૩,૪૪૭ કરોડ રુપિયા જેટલી થતી હતી. જોકે, આ વર્ષે ક્રુડના ભાવ ઘટવાથી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પહેલા છ મહિનામાં સરકારે સબસિડી પેટે માત્ર રુ. ૧૧૨૬ કરોડ રુપિયા જ ચૂકવ્યા છે.

ગેસ સબસિડીની માફક સરકારને કેરોસીન પર ચૂકવાતી સબસિડીમાં પણ મોટો ફાયદો થયો છે. ૨૦૧૯-૨૦માં કેરોસીન પર રુ. ૧૮૬૯ કરોડ રુપિયાની સબસિડી ચૂકવાઈ હતી. જોકે, હવે સરકારી પેટ્રોલિયમ કંપનીઓ કેરોસીનનું વેચાણ બજાર કિંમત પર કરતી હોવાથી આ વર્ષે સરકારે કેરોસીન પર કોઈ સબસિડી નથી ચૂકવી.

જો માર્ચ ૨૦૨૧ સુધી આંતરરાષ્ટ્રીય બજારોમાં પેટ્રોલિયમની કિંમતમાં ખાસ ચઢ-ઉતર ના થાય તો સરકાર આ નાણાંકીય વર્ષમાં સબસિડી પેટે ચૂકવાતી રકમમાં મસમોટી બચત કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં પેટ્રોલની આજની કિંમત ૮૧ રુપિયાને પાર થઈ ગઈ છે, જયારે મુંબઈમાં પેટ્રોલ ૯૦ રુપિયા કરતા પણ વધુ ભાવે વેચાઈ રહ્યું છે.

### અમદાવાદના ત્રણ બુટલેગરો ટેમ્પામાં ૧.૦૮ લાખનો દારૂ ભરી ખેપ મારી રહ્યા હતા

# અરવલ્લી એલસીબીએ ગાજણ ટોલપ્લાઝા પરથી દબોચ્યા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ બુટલેગરો નિતનવા નુસખા અપનાવી ઘુસાડી રહ્યા છે અમદાવાદના ગ્યાસપુરના ત્રણ બુટલેગરો ટેમ્પો ટ્રકમાં વિદેશી દારૂની ખેપને અરવલ્લી એલસીબી પોલીસે નિષ્ફળ બનાવી ગાજણ ટોલપ્લાઝા નજીક ટેમ્પો ટ્રકમાંથી કેરેટની આડમાં સંતાડેલ ૧.૦૮ લાખનો દારૂ જપ્ત કરી ત્રણે બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી . અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે મોડાસા-શામળાજી હાઈવે પર ગાજણ ટોલપ્લાઝા નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા ટેમ્પો ટ્રકની શંકાસ્પદ ઝડપને પગલે અટકાવી તલાસી લેતા ટેમ્પો-ટ્રકમાં ફ્રૂટના કેરેટની આડમાં સંતાડી રાખેલી વિદેશી દારૂની બોટલ નંગ-૨૧૬ કી.રૂ.૧૦૮૦૦૦/- નો જથ્થો જપ્ત કરી ટેમ્પો ટ્રક ચાલક ૧)મો.યુસુફ મોં.ઐયુબ શેખ,૨)મોં.રઝાક ફરીદ સિપાઈ અને ૩)મોં.નવાજ મોં.સબ્બીર અંસારી (ત્રણે.રહે,ગ્યાસપુર અમદાવાદ) ની ધરપકડ કરી ટેમ્પો ટ્રક,મોબાઈલ-૪,ખાલી કેરેટ અને વિદેશી દારૂ મળી કુલ રૂ.૬૧૬૮૦૦/- નો જથ્થો જપ્ત કરી ત્રણે બુટલેગરો વિરુદ્ધ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# કોલેજના પ્રોફેસર ૧૫ દિવસે કોરોનાને હરાવીને ઘેર પરત આવ્યા



અરવલ્લીના બાયડ તાલુકાના અલવાકંપાના વતની પ્રો.ડૉ. એચ.કે.સોલંકી ૨૬ ડિસે. થી મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં કોરોના સામે જિંદગીનો જંગ લડીને ડોકટરો અને સમગ્ર સ્ટાફની ભારે જહેમત બાદ ૧૫ દિવસે કોરોનાને હરાવી તેમની દીકરી અર્ચના સાથે ઘેર પરત ફરતાં પરિવાર,ગામ અને સમાજમાં આનંદનું મોજું ફરી વળ્યું છે.મોડાસિયા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળે પોતાના પ્રમુખ હેમખેમ પરત ફરતાં સમાજકાર્યોને વેગ મળશે તેવી ખુશી વ્યક્ત કરી હતી.કુટુંબ, પરિવાર,મિત્રો અને સમાજની સતત દુઆઓ બદલ આભાર માની ડો. એચ.કે.સોલંકીએ કોલેજ અને સમાજમાં કોરોના સમયે કરેલી સેવાકીય પ્રવૃત્તિઓના આશીર્વાદ મળ્યા એમ કહી ભાવુક હૃદયે સૌને વંદન કરી માસ્ક પહેરવા અનુરોધ કરી જીવી ગયાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. સાથે સાથે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ સમગ્ર ટિમમાં ઈશ્વરનાં દર્શન થયાનું કબૂલી અહિયાંની સેવા બિરદાવી હતી. ઘર જેવું જ વાતાવરણ ,ચા, નાસ્તો, ભોજન વગેરેની પ્રશંસા કરી હતી.યુવા કલેક્ટર સાહેબ પણ ભોજન દવા વગેરેની અંગત કાળજી લેતા હતા એનાથી અમે જીવી ગયા છીએ.સરકારશ્રી ગરીબ દર્દીઓને વિનામૂલ્યે તમામ સેવા આપે એવી લાગણી વ્યક્ત કરી હતી.

# અરવલ્લી : મંગળવારે ભારત બંધના સમર્થનમાં અને વિરુદ્ધમાં સોશ્યલ મીડિયામાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓની પોસ્ટ ધડાધડ વાયરલ

અરવલ્લી બ્યુરો મોડાસા

કેન્દ્રીય કૃષિ સંબંધિત નવા કાયદાઓના વિરોધમાં દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલનને પગલે ૮મી ડિસેમ્બરને મંગળવારે દેશવ્યાપી બંધનું એલાન જાહેર થયું છે, ત્યારે ગુજરાતમાં વિરોધ પક્ષ કોંગ્રેસ સહિત વિવિધ ખેડૂત સંગઠનોએ આ બંધને ટેકો આપતા તે દિવસે બંધ પાળવાની સાથે ચક્કાજામ, ધરણાં, સૂત્રોચ્ચાર, દેખાવો જેવા કાર્યક્રમો યોજવાનું પણ જાહેર કર્યું છે હાલ અરવલ્લી જીલ્લામાં ભારત બંધના સમર્થનમાં કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકર્તાઓ રણનીતિ બનાવી રહ્યા છે અને સોશ્યલ મીડિયામાં ભારત બંધને સમર્થન માટે પોસ્ટ અને મેસેજ વાયરલ કરી રહ્યા છે બીજી બાજુ ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ભારત બંધને મારુ







સમર્થન નથી હું વડાપ્રધાન મોદી સાથે છું ની પોસ્ટ અને મેસેજ વાયરલ કરી રહ્યા છે

કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો દ્વારા આવતીકાલે ભારત બંધનુ એલાન અપાયુ છે ત્યારે કોંગ્રેસ દ્વારા કેન્દ્ર સરકારને અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે કે, ખેડૂતોના મનની વાત સરકાર સાંભળે અને કાળો કાયદો પાછો ખેંચે તેમજ મંગળવારે ખેડૂતોએ આપેલ ભારત બંધને સમર્થન જાહેર કરતા અરવલ્લી જીલ્લો પણ બંધ રહે તે માટે કોંગ્રેસના અગ્રણીઓ રણનીતી તૈયાર કરી બંધને સંપૂર્ણ સફળતા મળે તેવા પ્રયત્નો આદર્યા હોવાની સાથે સોશ્યલ મીડિયામાં ભારત બંધના સમર્થનમાં પોસ્ટ અને મેસેજ વાયરલ કરી લોકોને પ્રભાવીત કરવાનો પ્રયત્ન થઇ રહ્યો છે બીજીબાજુ અરવલ્લી જીલ્લામાં કોંગ્રેસે કરેલ ભારત બંધના સમર્થનનો ફિયાસ્કો થાય અને અરવલ્લી જીલ્લામાં બંધની અસર નહિવત જોવા મળે તે માટે અથાગ પ્રયત્નો હાથધર્યા છે અને હું ભારત બંધના સમર્થનમાં નથી હું પીએમ સાથે છું ની પોસ્ટ સોશ્યલ મીડિયામાં વાયરલ કરી કોંગ્રેસે આપેલ બંધને નિષ્ફળ બનાવવા માટેની કામગીરીમાં લાગી ગઈ છે

અત્રે ઉલ્લેખનીય છે કે અરવલ્લી જીલ્લામાં કોંગ્રેસે આપેલ અત્યાર સુધીના બંધના એલાનને મહત્તમ સફળતા મળતી નથી તેમાંય ખાસ કરી શહેરી વિસ્તારો અને તાલુકા મથકો પર કોંગ્રેસ પકડ ગુમાવી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે ત્યારે જોવું રહ્યું કે મંગળવારે ખેડૂતોએ આપેલ ભારત બંધના એલાનમાં સમર્થન આપનાર કોંગ્રેસ અરવલ્લી જીલ્લામાં બંધની અમલવારીમાં સફળ રહે છે કે પછી નિષ્ફળ રહેશે

### કોરોનાથી અવસાન પામનાર ના બાળકોને કિશોર ઇન્સ્ટિટ્યૂટ માં મફત શિક્ષણ અપાશે

ગાંધીનગર : મંગળવાર,

કોરોના મહામારીએ કેટલાય કુટુંબોને પાયમાલ કરી દીધા છે તો કેટલાકે કોરોના ને કારણે છત્રછાયા ગુમાવી છે, આવા સમય માં વિવિધ સંસ્થાઓએ પોત પોતાની શક્તિ મુજબ સહાય કામગીરી હાથ ધરી છે. કેટલીક ખાનગી શાળાઓ કોરોનાથી મૃતકોના બાળકોને અભ્યાસની ફી માં થી મુક્તિ આપી છે, તે મુજબ ગાંધીનગર સ્થિત કિશોર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પણ આ ઈન્સ્ટિટ્યૂટ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/ની ઓને ટ્યુશન ફી માંથી મુક્તિ જાહેર કરી છે.

કિશોર ઈન્સ્ટિટ્યૂટ માં ભણતા બાળકો પૈકી શહીદ સૈનિકો અને માં બાપ વિના ના બાળકોને પણ નિશુલ્ક શિક્ષણ આપવામાં આવે છે.

|| શ્રદ્ધાંજલી ||



સ્વ. જિજ્ઞાષા જીજ્ઞેશ રાવલ

પ્રભુ આપના દિવ્ય આત્મા ને શાંતિ આપે એજ પ્રાથના

તા. ૧૦-૧૨-૨૦૨૦, સવારે ૯ થી ૧૨ કલાકે

ગુણવંતરાય જટાશંકર રાવલ
જીજ્ઞેશ રજનીકાંત રાવલ
વજ જીજ્ઞેશ રાવલ (મો. ૬૩૫૧૨૧૨૬૦૮)
મનીષ ભાનુશંકર રાવલ (મો. ૭૯૮૪૪૨૧૮૫૧)

લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

: નોંધ :
Covid 19 ને કારણે ટેલિફોનિક બેસણું રાખેલ છે. ફોન પર સંપર્ક કરવા વિનંતી.

### પાલનપુરના વેપારીએ જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરી

તારીખ ૮/૧૨/૨૦૨૦ ના રોજ પાલનપુરમાં રહેતા પવન ફૂટવેર નામની દુકાનના માલિક જીવ દયા પ્રેમી ઠાકોરદાસ ખત્રીએ પોતાના જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરી હતી પાલનપુરમાં આવેલ નારી સરક્ષણ ગૃહમાં દીકરીઓને વેજીટેબલ પુલાવ નો ભોજન પ્રસાદ આપવામાં આવે જરૂરિયાતમંદ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું આ સાથે.પ્રફુલાબેન પટેલ, કીર્તિબેન ઠક્કર.ગાયક કલાકાર સાગર પુરબિયા, રાજાભાઈ લાખાણી, વિપુલભાઈ, અનિલભાઈ ફૂલવાણી , પ્રફુલાબેન પટેલ, કીર્તિબેન ઠક્કર હાજર રહી ઠાકોર દાસ ને પણ શુભેચ્છાઓ પાઠવી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK